Registration No.: CC/600/2011
Filing No.: CC/600/2011
Filed On: 28/12/2011
Registered On : 28/12/2011

**IN THE TALUKA COURT AT AMOD**
**CRIMINAL CASE NO. 600 OF 2011.**

**Complainant**:

1. Government of Gujarat
AMOD
AMOD

**VERSUS**

**Accused**:

1. JUBEDABEN Wd/o IBRAHIM VALI MUSA ANDIYA VORA PATEL
ACHHOD, TA. AMOD, AT. BHOLA STREET, DIST. BHARUCH
AMOD
2. SAJID HASAN YUSUF VORA PATEL @ kHUJI
ACHHOD, TA. AMOD, NR. GRAM PANCHAYAT OFFICE, DIST. BHARUCH
AMOD
3. UMARJI MOHMED ADAM KHAMBA VORA PATEL
ACHHOD, TA. AMOD, AT. BHOLA STREET, DIST. BHARUCH
AMOD
4. YUSUF IBRAHIM MOHMED GHELI VORA PATEL
ACHHOD, CHARIYA VAD STREET, TA. AMOD, DIST. BHARUCH
AMOD
5. UMARJI YUSUF ISMAIL BHUDRA VORA PATEL
ACHHOD, TEKRA FALIYU, TA. AMOD,DIST. BHARUCH
AMOD
6. AIYUB ADAM ASMAL HASAN VORA PATEL
ACHHOD, AT. OPP. MOTI MASJID, TA. AMOD, DIST. BHARUCH
AMOD
7. SUBHASHCHANDRA INDULAL JOSHI
BHARUCH, VAIBHAV BANGLOW SOCIETY, DAHEJ BAY PASS, BHARUCH
BHARUCH
8. KAPILABEN D/o GALABHAI PARGHI AND W/o RAKESHBHAI BHAGVANBHAI PATEL
AT PRESENT- BHIMPURA, TA. AMOD, DIST. BHARUCH

AMOD

**9.** ISMAIL UMARJI MOHMED VORA PATEL
ACHHOD, NAMAJI FALIYU, TA. AMOD, DIST. BHARUCHA
AMOD

**10.** YAKUB VALIBHAI VORA PATEL
ACHHOD, CHOKI FALIYU, TA. AMOD, DIST. BHARUCH
AMOD

**11.** IDRISHBHAI YUSUFBHAI AMIJI VORA PATEL
ACHHOD, NR. BUS STAND,TA. AMOD, DIST. BHARUCH
AMOD

**Appearance:**
APP For Complainant 1
N.H.PATEL For Accused 1

---

## // આંક–૦૪ લગત હુકમ //

(૦૧)..સદર કામના આરોપી નંબર–૭ સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષીનાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૩૯ મુજબ સદર ક્રિમનલ કેસમાંથી ડીસ્ચાર્જ માટે હાલની અરજી રજુ રાખી ને એવી હકીકત જાહેર કરી જાય છે કે,તેઓ તહોમતદાર આમોદ મુકામે નાયબ મામલતદાર તરીકે નોકરી કરતા હતા અને તેઓની ફરજ દરમ્યાન મોજે ગામ આછોદ, તાલુકો–આમોદના ખાતા નંબર–૬૩૩ સર્વે નંબર–૨૧૬૨,૨૬૦૯,૨૬૧૦ની વારસાઈ એન્ટ્રી અંગે ઈબ્રાહિમ વલી એન્ડીયાની વારસાઈ અંગેના કાગળો તલાટી મંત્રી આછોદ તરફથી તૈયાર કરી ઈ–ધરા કેન્દ્રમાં રજુ થયેથી એન્ટ્રી નંબર–૧૨૯૩તારીખ ૨/૦૮/૨૦૧૦ ના રોજ થી એન્ટ્રીપડી હતી જે નિકાલ અર્થે તેઓ અરજદાર/આરોપી નંબર–૭ ને રજુ કરવામાં આવેલ,વારસાઈ એન્ટ્રી માં ઈબ્રાહિમ વલીઅસ્માલ વીલ અસ્માલ ગુજરી ગયાની નોંધ છે અને મરણની દાખલો

તલાટી મંત્રીના સહી સિકકા સાથે રજુ થયેલ અને પેઢીનામામાં ઈબ્રાહિમ વલી અસ્માલ ઈન્ડીયા એ મુજબ દર્શાવેલ હતું અને આ કાગળો તલાટી કમમંત્રી આછોદનાએ રજુ કરેલા હોવાનું અરજદાર/આરોપી નંબર–૭ તેની હાલની અરજીમાં જણાવે છે વધુમાં તેઓ જણાવે છે કે,તેઓએ પેઢીનામું,પંચકયાસ જવાબના આધારે ત્રીજી પેઢી સુધી એક જ નામ આવતા હોય, એન્ટ્રી તારીખ ૦૨/૧૦/૨૦૧૦ નારોજથી પ્રમાણીત કરેલી અને જે તેઓએ ફરજના ભાગરૂપે તપાસી પ્રમાણીત કરેલ હોય સરકારશ્રીના વારસાઈ અંગેની ઝુંબેશમાં ગુજરનારની વારસાઈ કરવા અંગ હકકપત્ર ટીમ તાલુકાને ફાળવી,વારસાઈ નોંધો પડાવી,નોંધોનો નિકાલ કરાવેલ હોય ગુજરનાર ખાતેદારની વારસાઈ રજુ થયેલ કાગળોના આધારે પ્રમાણીત કરેલ હોય અને તેઓને ફકત ખરાઈ કરવાની હોય તે સિવાયની કોઈ કાર્યવાહી તેઓને કરવાની હોતી નથી તેવું અરજદાર/આરોપી નંબર–૭ તેની હાલની ડીસ્ચાર્જ અરજીમાં જણાવેલ છે. વધુમાં એવી હકીકત અરજી થકી જાહેર કરી જાય છે કે,આમોદ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રર નંબર–I/૧/૨૦૧૧ ના ફરીયાદી ઈસ્માઈલ વીલ અસ્માલ ખરૂચીયાની ફરીયાદમાં તેઓનું નામ નથી કે ફરીયાદમાં તેઓએ કોઈ ગેરકાયદેસર કૃત્ય કરેલાનું એલીગેશન નથી અને આમોદ પોલીસે તપાસ કરેલી અને ફરીયાદીની રજુઆતના આધારે એલ.સી.બી.પોલીસને તપાસ ડી. એસ.પી.એ સોપેલી અને સદર તપાસમાં એલ.સી.બી પોલીસે ફરીયાદીનો વધુ જવાબ લીધેલો તેમજ પેઢીનામા પંચનામા અને દસ્તાવેજા પંચો તથા

દસ્તાવેજોના લખી આપનાર ના સહી અંગુઠા પોલીસે લીધેલા તેમજ જમીન લ ે વેચ ના દલાલ રઉફ યુનુસ સૈયદ,જમીન લેનાર મોહમદ તૈયબ નજીર અહમદ તથા આછોદના ઈબ્રાહિમ મુસા એહમદ તથા હનીફ અહમદ ખાન સાહબ,ઈ–ધરા ઓફીસ ના નાયબ મામલતદાર હુસેન બદરૂદીન રંગવાલાના જવાબ લીધેલા અને ઈન્ડિયન પીનલ કોડની કલમ–૪૧૯,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦– બી મુજબ ગુનાનું ચાર્જશીટ તેઓ અરજદાર/આરોપી નંબર–૭ તથા અન્ય આરોપીઓ સામે દાખલ કરેલાનું જણાવી વધુમાં જણાવે છે કે,ચાર્જશીટ તથા તેમાં રજુ થયેલા સ્ટેટમેન્ટ તથા દસ્તાવેજી પુરાવા જોતા તેઓ અરજદાર/આરોપી નંબર–૭ની સામે કોઈ ગુનો બનતો નથી અને ચાર્જફ્રેમ કરવા પુરતો પુરાવો ન હોવાનું જણાવી પોલીસે તેઓને અટક કર્યા સિવાય ચાર્જશીટમાં તેઓની સામે કોઈ એલીગેશન નથી અને મેળાપીપણાનો કોઈ પુરાવો નથી.જેથી કોઈ પુરાવો ન હોય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ મુજબ તેઓને ડીસ્ચાર્જ કરવા અરજ ગુજારીને રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી પાડવી તેમજ એન્ટ્રી રજુ થયેલ પુરાવાના આધારે મંજુર કરવી એ તેઓ અરજદાર/આરોપી નંબર–૭ના ફરજનો એક ભાગ હોવાનું જણાવી તે ફરજા ભાગ રૂપે કરેલ કૃત્ય વિરૂઘ્ધ પોલીસે ચાર્જશીટ રજુ કરવું હોય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૭ મુજબ તેઓના સક્ષમ અધિકારીની મંજુરી મેળવવી પડે આવી કોઈ જ મંજુરી પોલીસે મેળવેલી ન હોય તેઓની સામે કોઈ ગુનો બનતો ન હોય જેથી તેઓ

અરજદાર/ આરોપી નંબર–૭ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ મુજબ ડીસ્ચાર્જ કરવા અરજ ગુજારીને હાલની અરજદાર/આરોપી અત્રેની અદાલત રૂબરૂ રજુ રાખેલ છે.

(૦૨)..સદર કામના આરોપી નંબર–૭ સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષીનાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૩૯ મુજબ સદર ક્રિમનલ કેસમાંથી ડીસ્ર્ચાજ માટે હાલની અરજી રજુ થયેથી આ સદર અરજી સબબ આ કામના ફરીયાદપક્ષની રજુઆત કરવા અર્થે સદર અરજી રાખવામાં આવતા આ કામના ફરીયાદ પક્ષ તર્ફેથી સદર અરજીના વિરૂઘ્ધમાં લેખીત વાંધા જવાબો આંક–૩૨ થી અત્રેની અદાલત સમક્ષ રજુ રાખીને એવી હકીકતો જાહેર કરેલ છે કે તેઓની અત્રેની નામદાર અદાલતને નમ્ર સહ જણાવેલ છે કે,તેઓ આ કામના મુળ ફરીયાદી છે અને સદર કેસના તમામ આરોપીઓ એકબીજાની સાંઠગાંઠથી તથા એક બીજાના મેળાપીપણાથી એક બીજાને મદદરૂપ બની પૈસાની લાલચે અને પૈસા કમાઈ લેવાની દ્રષ્ટિએ મેલીમુરાદથી ઈરાદાપૂર્વક કાવત્રુયોજી પૂર્વ યોજીત કાવત્રા મુજબ તેઓ હૈયાત હોવાછતાં તેઓને તારીખ ૨૬/૧૦/૨૦૦૯નાં રોજ મૃત્યુ પામેલ જાહેર કરી મોજે આછોદ,તાલુકો–આમોદના(મહેસુલી)રેકોર્ડ ઓફ રાઈટસમાં આવેલી તેઓની ખાતા નંબર–૬૩૩ પૈકીની બ્લોક નંબર–૨૧૬૨,૨૬૦૯,૨૬૧૦વાળી જમીનો ૩ એકર અને ૧૪ ગુંઠા તમામ મિલકત મર્હુમ થનાર ઈબ્રાહિમ વલી

મુસા એન્ડીયાની વિધવા(પત્ની)જુબેદાબેન ઈબ્રાહિમ વલી મુસા એન્ડીયાના નામે ખોટા વારસાઈ હકકના દસ્તાવેજી પુરાવાઓ મુકી તેના નામે વારસાઈ હકકમાં દાખલ કરી આપી તેમાંની બ્લકો નંબર –૨૧૬૨ વાળી જમીન ૦.એકર ૪૨ ગુઠા નો બોગસ દસ્તાવેજ મો.તય્યબ નજીર અહમદ ને કરી આપેલ હોવાની હકીકત જણાવી સદર કેસમાં સંડોવાયેલ તમામ આરોપીઓ પૈકીના આરોપી નંબર–૭ સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષી કે જેઓ આમોના નાયબ મામલતદાર હોય અને તેમણે ફેરફાર નોંધ ૧૨૩૯૩થી ખરાઈ કરેલ અને તેઓએ તારીખ ૧૪/૦૨/૨૦૧૨ના રોજ અત્રેની અદાલતમાં જે હાલની ડીશચાર્જ અંગેની અરજી રજુ કરેલ છે તે ડીશચાર્જ અરજી રીજેકટ કરવા વાંધા જવાબ રજુ રાખીને એવી હકીકતજાહેર કરેલ છે કે,તેઓની જમીન પડાવી લ ેવાનો સમાન બદઈરાદો કરી એકબીજાના મેળાપીપણામાં એકસંપ થઈ દરેક તહોમતદારો એ તહોમતદાર નંબર–૧ ના ગુજરી ગયેલ પતિની પત્નિ તેઓ ફરીયાદી હયાત હોવાછતાં ગુજરી ગયા છે એવી યોજનાથી તહોમતદાર નંબર–૧ જુબેદાબેન તે ઈબ્રાહિમ વલી મુસા એન્ડીયાની વિધવાનું નામ તેઓના વારસદાર તરીકે દાખલ કરવા ખોટા વારસાઈનામા, ખોટું પેઢીનામું અને પંચ કયાસ નામના ખોટા દસ્તાવેજો તૈયાર કરી તેને સાચા દસ્તાવેજો તરીકે દર્શાવી તેનો ઉપયોગ કરેલાનું જણાવી આ કામના આરોપી નંબર–૭ કે જેઓ મહેસુલ નાયબ મામલતદાર છે અને નાયબ મામલતદાર હોવાછતાં તમામ પુરાવાઓ નહી જોઈ કે તેની કોઈ ખાત્રી નહી કરી રૂબરૂમાં સહીઓ કરી

એન્ટ્રી પ્રમાણીત કરી તહોમતદારો સાથે સામેલ થઈ ગુનો કરેલ હોવાનું જણાવી વધુ વાંધા જવાબમાં જણાવે છે કે,ખરેખર મરણના દાખલામાં પણ અટક સાથે ઈબ્રાહિમ વીલ એન્ડીયા એવું સ્પષ્ટ દર્શાવ્યું હોવાછતાં ગામ ૬ ના ઉતારામાં ઈબ્રાહિમ વલી અસ્માલ તારીખ ૨૬/૧૦/૨૦૦૯ના રોજ ગુજરી ગયા છે એવું બદ ઈરાદાપૂર્વક દર્શાવી ઈબ્રાહિમ વલી મુસા એન્ડીયાની વિધ્ધવા(જુબેદાબેન)ને તેઓની પત્નિ તરીકે દર્શાવી તેઓની ખાતા નંબર–૬૩૩ પૈકી બ્લોક નંબર–૨૧૬૨,૨૬૦૯ અને ૨૬૧૦ આ તમામ જમીન તેના નામે કરી આપી અને તેમાની બ્લોક નંબર–૨૧૬૨ જેની ૦ એકર ૪૨ ગુંઠા વાળી જમીન નો બોગસ દસ્તાવેજ જુબેદાબેને ભરૂચના સૈય્યદ મો.તૈય્યદ નજીર અહમદનાઓને કરી આપેલ અને તે એન્ટ્રી પણ સદર અરજદાર/આરોપી નંબર–૭ નાયબ મામલતદાર સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષીનાઓએ પ્રમાણિત કરેલ છે જેથી તેઓ પણ બોગસ(બનાવટી)દસ્તાવેજ બનાવવાના કાવત્રામાં સામેલ હોવાનું જણાવી ગુનો કર્યાનું જણાવે છે અને વધુમાં જણાવેલ છે કે,વારસાઈ હકક દાખલ કરવાના પત્રકમાં ઈબ્રાહિમ વલી એન્ડીયા લખવામાં આવ્યું છે તો તેમાં બદ ઈરાદાથી એન્ડીયાને ચેકી નાખવામાં આવ્યું છે અને તેની નીચે અસ્માલ લખવામાં આવ્યું છે જે ચેડા થયેલ છે તે સાબિતી આપે છે અને પેઢીનામાં પત્રકમાં ઈબ્રાહિમ વલી એન્ડીયા છે તેને ઈબ્રાહિમ પછી વલી અને એન્ડીયા વચ્ચે(વલી એન્ડીયા)કેરોઓફ મુકી ઉપર અસ્માલ લખવામાં આવ્યું છે જેમાં પણ ચેંડા

કરેલાનું સ્પષ્ટ ખ્યાલ આવે છે વધુમાં તેઓ તેમના વાંધા જવાબમાં જણાવે છે કે પંચનામાં પત્રકમાં પૂર્વ યોજીત કાવત્રા મુજબ ઈરાદાપૂર્વક પંચોમાં સામેલ વ્યકિતઓના નામ,ઉંમર,રહેઠાણ,ધંધો લખવામાં આવ્યા નથી અને ઈરાદાપૂર્વક ખાતા નંબર પણ લખવામાં આવેલ નથી તથા ગુજરી જનાર ઈબ્રાહિમ વલી મુસા એન્ડીયાને આઠ વારસદારો હોય જે પૈકી ૭ છોકરીઓ અને ૧ છોકરો છે તેમછતાં આ તમામ અગત્યના દસ્તાવેજી કાગળોમાં ફકત અને ફકત એક જ વારસદાર છે એવું ઈરાદાપૂર્વક દર્શાવવામાં આવ્યું છે અને ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓના કાગળોની ચકાસણી અને ખરાઈ પોતાની ફરજ મુજબ નિષ્ઠાથી સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષીએ(આરોપી નંબર–૭)નાઓ એ કરવાની હોય છે જે તેઓએ કરેલ ન હોવાનું સાબિત થતું હોવાનું જણાવી જો તેમણે સભાન પણે પોતાની ફરજ મુજબ નિષ્ઠાથી આ ફરજ બજાવી હોત તો તેઓ ફરીયાદીની જમીન આરોપીઓ પચાવી પાડત નહી પણ નાયબ મામલતદારે ઈરાદાપૂર્વક આ આરોપીઓના પૂર્વયોજીત કાવત્રા મુજબ કાવત્રામાં સામેલ થઈ તમામ દસ્તાવેજી પુરાવાઓના કાગળોની ચકાસણી અને ખરાઈ કરી નથી તેવો સચોટ ખ્યાલ આવતો હોવાનું ફરીયાદી તેના વાંધા જવામાં જણાવે છે કે દસ્તાવેજો કરનર ટોળકીના અમુક વ્યકિતઓ એ તથા નાયબ મામલતદાર સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષીએ આતમામ લોકો પોતે ધારે ત્યારે ગમેતે વ્યકિતને મૃત્યુ જાહેર કરી કે અને પોતે ધારે ત્યારે મૃત્યુ પામેલ વ્યકિતને હયાત(જીવત)જાહેર કરી

શકે છે તેમ જણાવી નાયબ મામલતદારે હોદ્દાના રૂએકાંઈ કાર્ય કરવું એમહત્વની બાબત છે અને ગેરકાયદેસર કરેલ કાર્ય કલમ–૧૬૯ની અર્થ મર્યાદામાં સમાવિષ્ટ થઈ જાય છે અને અધિનિયમ ૧૯૮૮ વહીવટ તંત્રની પ્ર તિષ્ઠા અને કાર્ય સરકારના સંચાલન માટે કર્તવ્યનિષ્ઠ (રાજયસેવક) અને પ્રમાણિકતાનો ગુણ અતિ મહત્વની બાબત છે તલાટી ઘ્વારા કરવાની કાર્યવાહીના કામમાં સરકારી કાર્ય સાથે નાયબ મામલતદાર પણ સંકળાયેલા છે વર્તુણક નિયમો હેઠળ ગંભીર ગુનો આચરેલ છે અને જવાબદારીની જગ્યાએ રહી ખોટું કામ કર્યુ છે અને તેમની કામગીરી શંકાના દાયરામાં આવી જાય છે તેવી હકીકત ફરીયાદી તેના વાંધા જવાબમાં જણાવી આ કામના આરોપી/અરજદાર નંબર–૭સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષીનાઓએ ક્રિમીનલ પ્ર ોસીજર કોડ ની કલમ–૨૩૯ની હાલની રજી રદ્દ કરવા અરજ ગુજારેલ છે.

(૦૩)..આમ ઉપરોકત આ કામના આરોપી/અરજદાર નંબર–૭ સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષીનાઓ એ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૩૯ અન્વયે કરેલ અરજી અને તે અરજીના વિરૂઘ્ધમાં રજુ રાખેલ આંક–૩૨થી ફરીયાદીપક્ષના વાંધા જવાબો અને આરોપી/અરજદાર તર્ફેથી વિઘ્વાન વકીલશ્રી એન.એચ.પટેલ ઘ્વારા કરવામાં આવેલ અરજીના સમર્થનમાં મૌખીક દલીલને ઘ્યાને લીધી તેમજ આ કામના ફરીયાદપક્ષ તર્ફેથી વિઘ્વાન સરકારી વકીલશ્રી ઘ્વારા કરવામાં આવેલ મૈખીક દલીલોને ઘ્યાને લીધી તેમજ સદર કેસના રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવાને ઘ્યાને લીધા આ તમામ હકીકતોને ઘ્યાને લેતા સદર

અરજીના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## // મુદ્દાઓ //

મુદ્દા નંબર–૧ ::– શું અરજદાર/આરોપી નંબર–૭ સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષી ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૩૯ અન્વયે સદર કેસમાંથી ડિશચાર્જ કરવા યોગ્ય અને વાજબી જણાય આવે છે?

મુદ્દા નંબર–૨ ::– શું હુકમ ?

(૦૪)..ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો અને તે નિર્ણયો પરત્વના કારણો નીચે જણાવ્યા અનુસારના છે.

## // નિર્ણયો //

**મુદ્દા નંબર–૧::–નકારમાં**

**મુદ્દા નંબર–૨::–આખરી હુકમ મુજબ.**

## // કારણો //

**મુદ્દા નંબર–૧::–**

(૦૫)..ઉપરોક્ત મુદ્દાની ચર્ચા કરતા પહેલા તે હકીકત ધ્યાને લેવી જરૂરી છે કે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ ધ્યાને લેતા પોલીસ રીપોર્ટ તથા તેની સાથે કલમ–૧૭૩ હેઠળ મોકલાયેલા તમામ દસ્તાવેજો વિચારણામાં લીધા

બાદ અને મેજીસ્ટ્રેટને જરૂરી જણાય તો આરોપીની જુબાની લીધા પછી અને ફરીયાદીપક્ષ અને આરોપીની સુનાવણીની તક આપ્યા પછી મેજીસ્ટ્રેટને આરોપી વિરૂઘ્ધનુ તહોમતનામું વજુદ વગરનું લાગે તો તેણે છોડી મુકવો જોઈએ અને તેમ કરવાના પોતાના કારણોની તેણે નોંધ કરવી જોઈએ.અત્રેના હાથ ઉપરના કેસમાં આરોપી/અરજદારની સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ નથી અને તહોમતનામાના સ્ટેજ ઉપર છે તેથી હાલના કામના અરજદાર/આરોપી નંબર– ૭ સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષી ક્રિમીનલ પ્ર ોસીજર કોડ ની કલમ–૨૩૯ અન્વયે પોતાનું નામ સદર કેસમાંથી ડિશચાર્જ કરવાની અરજી કરેલ છે.

(૦૬)..અરજીની ઘ્યાને લેતા અરજદાર/આરોપી આમોદ મુકામે નાયબ મામલતદાર તરીકે નોકરી કરતા હતા અને તેઓની ફરજ દરમ્યાન મોજે આછોદ,તાલુકો–આમોદના ખાતા નંબર–૬૩૩ ના સર્વે નંબર–૨૧ ૬૨,૨૬૦૯,૨૬૧૦ની વારસાઈ એન્ટ્રી અંગે ઈબ્રાહિમ વીલ એન્ડીયાની વારસાઈ અંગેના કાગળો તલાટીમંત્રી આછોદ તરફથી તૈયાર કરીઈ–ધરા કેન્દ્રમાં રજુ થયેથી તેની એન્ટ્રીનંબર–૧૨૩૯૩ તારીખ ૦૨/૦૮/૨૦૧૦ ૫ડેલ જેની નિકાલ અર્થે તેઓને રજુ કરવામાં આવેલ વારસાઈ એન્ટ્રીમાં ઈબ્રાહિમ વીલ અસ્માલ ગુજરી ગયાની નોંધ હતી અને મરણનો દાખલો તલાટી કમં મત્રી આછોદનાએ રજુ કરેલ હતો તેઓ અરજીમાં વિશેષમાં જણાવેલ છે પરંતુ નાયબ  મામલતદારે પોતાના ફરજના ભાગ રૂપે તલાટી કમ મંત્રીએ રજુ કરેલ

દસ્તાવેજોની યોગ્ય ચકાસણી અને ખરાઈ કરવાની હોય છે તેમજ વારસાઈ નોંધ પાડવા પાત્ર છે કે નહી તે અંગેની બોમ્બે લેન્ડ રેવન્યુ કોડમાં જણાવેલ પ્ર ક્રિયાને અનુસરવું જરૂરી હોય અને તે મુજબની કામગીરી કરવાની રહે છે.આથી તલાટી કમ મંત્રીએ રજુ કરેલ દસ્તાવેજોને માત્ર એન્ટ્રી પાડવાનું કામ હોતું નથી.

(૦૭).. સદરહું અરજદાર/આરોપી પોતાની ડિશચાર્જના સમર્થનમાં એવું જણાવેલ છે કે ફરીયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૭ મુજબ તેઓના સક્ષમ ઓધકારીની મંજુરી મેળવવી જરૂરી હોય તેમછતાં તેઓએ કોઈપણ સક્ષમ અધિકારીની મંજુરી લીધેલ નહી અને તેઓની વિરૂઘ્ધ ગુનો દાખલ કરેલ છે તેમજ તેઓની અરજીના સમર્થનમાં તેઓના વિઘ્વાન વકીલશ્રી એન.એચ.પટેલ દલીલ કરેલ છે કે "અરજદારની કાર્યવાહી જયુડીશીયલ અને લીગલ પ્રોસીડીગ અંગેની હોય આથી તેઓ વિરૂઘ્ધ ચાર્જશીટ ના થઈ શકે જે પક્ષકાર અમારા અરજદારની નિર્ણયથી નાખુશ હોય તો તેઓ યોગ્ય ફોરમમાં અપીલ કરવી જોઈએ અને અમે નાયબ મામલતદાર તરીકે બોમ્બે લ ેન્ડ રેવન્યુ કોડ અન્વયે અમને જયુડીશીયલ કામગીરી કરેલ હોય જેથી અમોને જયુડીશીયલ પ્રોડેક્ષન એકટ અન્વયે લાભ મળવા પાત્ર છે આ માટે તેમણે તેમના સમર્થનમાં તેઓએ જરનલ ઓફિસર કમાડિંગ વિરૂઘ્ધ સી.બી.આઈ. અને અન્ય(**૨૦૦૨(૨)ક્રાઈમ પૈજ નંબર–૧**

**૭૮(એસ.સી.)**)ના ચુકાદા પર આધાર રાખેલ છે જે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદો રજુ રાખેલ છે તે ચુકાદામાની હકીકતો અને પરિસ્થિતિ સદરહું કેસ કરતા અલગ હોય આથી તે ચુકાદો હાલના અરજદાર/આરોપી મદદરૂપ થતો હોય તેવું જણાય આવતું નથી તેમજ અરજદાર/આરોપી તર્ફેથી વધુમાં નામદાર વડી અદાલતનો ચુકાદો રજુ રાખેલ છે જેમાં **એસ.જી.બ્ર મભટ્ વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય**ના રજુ કરેલ છે જે અરજદાર તર્ફેથી રજુ કરવામાં આવેલ હોય પરંતુ આ ચુકાદો પણ અરજદારને મદદરૂપ થતો ન હોય તેમાં જણાવેલછે કે "જયુડીશીયલ પ્રોટેક્ષન એકટની કલમ–૩ મુજબ ન્યાયીક અધિકારી જે તઓએ કરેલ કાર્યવાહી ફરજ બજાવતા કરેલ હોય તો તે કામગીરી માટે ન્યાયીક(રક્ષણ)અધિનિયમ,૧૯૮૫ હેઠળ રક્ષણ માટે છે અને નહી કે એવા કૃત્ય કે જે તેઓ ફરજના ઓઠા હેઠળ કરેલ ગેરકાયદેસર ના કૃત્યને રક્ષણ આપવાનં" આ ચુકાદામાં પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે જયારે ન્યાયીક અધિકારી ઉપર પોતાના ફરજ બજાવવાને બદલે ગેરકાયદેસર કૃત્ય કરે તો તેને ન્યાયીક(રક્ષણ)અધિનિયમનો લાભ મળે નહિ.આથી આ રજુ થયેલ ચુકાદ જે અરજદાર/આરોપીને મદદરૂપ થતો નથી બદલે તેની વિરૂઘ્ઘનો છે.વધુમાં અરજદાર/આરોપીએ જણાવ્યા મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૭ની જોગવાઈ મુજબ રાજય સેવક તથા જાહેર નોકર સામે તેની ફરજ દરમીયાન ફોજદારી કાર્યવાહી કરવા માટે રાજય સરકારે અને કેન્દ્ર

સરકારે નોકરીએ રાખેલ હોય તો રાજય સરકાર કે કેન્દ્ર સરકારની પુર્વ મંજુરી વિના જાહેર સેવક સામેની ફોજદારી કાર્યવાહી અદાલત કરી શકે નહિ. કલમ ૧૯૭ની જોગવાઈ જોતાં જાહેર નોકરે તેની કાયદેસરની ફરજ બજાવતી વખતે કોઈ કૃત્ય કર્યુ હોય તેવા સંજોગોમાં ઉપલા અધિકારીની મંજુરી આવશ્યક છે. પરંતુ જયારે કાયદાની જોગવાઈ બહાર જઈને અગર ફરજની રૂઈએ ન હોય તેવું ગુન્હાહીત કૃત્ય કરેલ હોય ત્યારે ઉપલા અધિકારી કે સરકારશ્રીની મંજુરી લેવી જરૂરી નથી. **જી.એલ.આર.૨૦૦૯(૩) પાન–૨૦૮૨** ***ચૌધરી પ્રવિણ સુલતાના વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલના*** ચુકાદા મુજબ જો જાહેર સેવક કાયદેસરની ફરજ દરમીયન કોઈ કામ કર્યુ હોય તેના માટે પુર્વ મંજુરી લેવાની જરૂર રહે છે. પરંતુ જો જાહેર સેવક પોતાની સત્તાનો દુરૂપયોગ કરે અને જે કામ કાયદેસર રીતે થઈ શકે નહિ તેવું કામ તે કરે તો તે અંગે કલમ ૧૯૭નું રક્ષણ મળે નહિ. હાલના કેસમાં અરજદારનું કૃત્ય તેની કાયદેસરની ફરજમાં આવતું હોય તેવું પોલીસ પેપર્સ સાથે રજુ થયેલ કાગળો જોતાં જણાઈ આવતું નથી. અરજદાર સામે ચાર્જ ફરમાવવા પુરતો પુરાવો છે કે કેમ ? તે ચાર્જ ફ્રેમ કરવાના સ્ટેજે જોવાનું છે. રજુ ચાર્જશીટ અને દસ્તાવેજો જોતાં અરજદાર/આરોપી નં.૭ વિરૂઘ્ધ ચાર્જ ફ્રેમ કરવા માટે પ્ર થમ દર્શનીય કેસ હોવાનું ફલીત થાય છે.અરજદાર/આરોપીએ પોતાની સત્તાની ઉપરવટ જઈ કૃત્ય કરેલ હોઈ અરજદાર/આરોપીને કલમ ૧૯૭નું રક્ષણ મળી શકતું નથી.

(૦૮)..સદરહું કેસમાં અરજદાર/આરોપી સામે તપાસ કરનાર અમલદારે રજુ કરેલ પોલીસ રીપોર્ટ તથા તેની સાથે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ હેઠળના તમામ દસ્તાવેજો તથા તપાસ દરમ્યાન લેવામાં આવેલ સાહેદોના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૧ હેઠળના નિવેદનો ઘ્યાને લેતા ફરિયાદ દાખલ થયા પછી પોલીસ અધિકારીની તપાસમાં આરોપીઓએ બીજાઆરોપીઓના મેળાપીપણામાં ફરીયાદી ઈબ્રાહિમ વલી અસ્માલ ખરૂચીયા રહેવાસી–આછોદ, તાલુકો– આમોદની સીમમાં આવેલ જમીન ખાતા નંબર–૬૨૩ વાળી ના સર્વે/બ્લોક નંબર–૨૧૬૨,૨૬૦૯, ૨૬૧ ૦ની જમીન તે પચાવી પાડવા અને પચાવીને વેચી અને નાણા લેવાના ઈરાદેથી ખોટી વારસાઈના આધારે રેવન્યુ રેકર્ડમાં ખોટા નામ દાખલ કરતી એન્ટ્રી પ્ર માણીત કરેલ છે તથા તેઓ પણ બોગસ(બનાવટી)દસ્તાવેજ બનાવવાના કાવત્રામાં સામેલ હોવાનું જણાવી ગુનો કર્યાનું જણાવે છે તેવું તપાસમાં માલુમ પડતાં ચાર્જશીટ ફાઈલ કરેલ છે. કલમ ૧૯૭ મુજબ ઉપલા અધિકારીએ ફરિયાદ દાખલ કરવા પરવાનગી આપી હોય છતાં ગુન્હો બનતો ન હોય તો કલમ ૧૬૯નો રીપોર્ટ કરી શકાશે. હાલના કામમાં તપાસ કરનાર અમલદારે કલમ ૧૬૯નો રીપોર્ટ કરેલ નથી. હાલના કામમાં તપાસ કરનાર અમલદારે ફરીયાદી તથા અન્ય સાહેદોના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧ ૬૧ હેઠળના નિવેદનો પરથી પ્રથમદર્શનીય રીતે ફલીત થાય છે. અરજદાર/આરોપીએ પોતાની સત્તાની ઉપરવટ જઈ કૃત્ય કરેલ હોઈ

અરજદાર/આરોપીને કલમ ૧૯૭નું રક્ષણ મળી શકતું નથી. અરજદાર/આરોપીની અરજીના સમર્થનમાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા રજુ થયેલ મૌખીક દલીલો અને તે દલીલોના સમર્થનમાં રજુ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતના ચુકાદા અરજદાર/આરોપીને મદદરૂપ થતાં નથી આથી તેઓએ ડિશચાર્જની અરજીમાં જણાવેલ કારણો હાલના તબકકે માની શકાય તેમ નથી કારણ કે તે તમામ હકીકત પુરાવાનો વિષય વસ્તુ છે તેથી તે હકીકત બાબતે ફરીયાદપક્ષને પુરાવા રજુ કરવાની તબકકે આપવી જરૂરી છે અને પુરાવા નોંધવા આવશ્યક છે.

(૦૯)..આમ ઉપરોકત તમામ હકીકતો અરજદાર/આરોપી તર્ફેથી રજુ થયેલ હાલની આ અરજીમાં જણાવેલ હકીકત બાબતે પુરાવો લેવો આવશ્યક જણાય આવતો હોય તથા/ અરજદાર/આરોપી સામે ચાર્જ ફ્રેમ કરવા માટે પ્રથમ દર્શનીય કેસ છે. આ સંજોગોમાં કલમ ૨૩૯ મુજબ અરજદાર/આરોપીને બીન તહોમત છોડી શકાય નહિ . જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ **'નકાર'**માં આપું છું.

**મુ દ્દા નં બ ર : ર :–**

(૧૦)..ઉપર કરેલ ચર્ચા મુજબ મુદ્દા નંબર–૧નો જવાબ 'નકાર'માં ઠરાવેલ છે ત્યારે મુદ્દા નંબર–ર પરત્વે આખરે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**// હુકમ //**

(૦૧).. આ કામના અરજદાર/આરોપી નંબર–૭ સુભાષચંદ્ર ઈન્દુલાલ જોષીની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ અન્વયેની ડીસ્ચાર્જ માટેની અરજી

આથી નામંજુર યાને કે રદૃ કરવા આથી હુકમ ફરમાવવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ.૨૩ માહે–જાન્યુઆરી–સને–૨૦૧૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળાવીને જાહેર કરવામાં આવ્યો.

તારીખઃઃ–.૨૩/૦૧/૨૦૧૪
મુકામઃઃ–આમોદ.

(રવિકુમાર ડી.મહેતા.)
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.,
આમોદ.,કોડ નંબર–જીજે–૦૦૯૬૧